
## જન્મદિને વધામણી



વાસુભાઈ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૨૯



વેદાંત પુરોહિત



મહંમદઅર્શ તસ્લીમઆરીફ શેખ
મો. ૯૦૯૯૦ ૭૫૧૫૪

# રાજ્યમાં તાજેતરના વરસાદથી ૮૪ ટકા ખરીફ પાકને નવું જીવતદાન મળ્યું છે

**સામાન્ય વાવેતર વિસ્તાર ૮૫.૬૫ લાખ હેક્ટર સામે આ વર્ષે ૭૨.૨૯ લાખ હેક્ટરમાં વાવેતર થયું : રાજ્યના ઓછા વરસાદવાળા તાલુકાઓમાં તાજેતરના વ્યાપક વરસાદથી ઊભા પાકો મગફળી-કપાસ-બાજરી-મકાઇ-કઠોળને નવું જીવતદાન મળ્યું છે : તાજેતરનો વરસાદ દિવેલા-કઠોળ-ગુવાર-જુવાર-બાજરીના વાવેતર માટે ફળદાયી : દિવેલાનું વાવેતર ૧.૫૦ લાખથી વધીને ૬.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં, કઠોળ પાકોનું ૪.૦૫ લાખથી વધીને ૫.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં થવાની પ્રબળ સંભાવના : કપાસનું વાવેતર સામાન્ય કરતાં ૧૦૩ ટકા-૨૬.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં થયું : ધાન્ય પાકોનું કુલ વાવેતર ૧૨.૪૧ લાખ હેક્ટરથી વિસ્તરીને ૧૩.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં થવાનો અંદાજ**

અમદાવાદ, તા. ૧૯
ગુજરાત રાજ્યમાં થયેલા તાજેતરના વ્યાપક વરસાદથી ૮૪.૩૯ ટકા જેટલા વિવિધ ખરીફ પાકોને નવું જીવતદાન મળ્યું છે. આ તમામ ઉભા પાક માટે સાર્વત્રિક થયેલો વરસાદ અમૃત સમાન નિવડ્યો છે.

આ વરસાદે ખેડૂતોમાં રાહતની લાગણી વરસાવી છે એમ રાજ્યના કૃષિ નિયામક ભરત મોદીએ કૃષિ પાક વાવેતરની વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું છે.

કૃષિ નિયામકે કહ્યું કે, રાજ્યમાં સામાન્ય વાવેતર વિસ્તાર ૮૫.૬૫ લાખ હેક્ટર સામે આ વર્ષે કુલ ૭૨.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર ધરતીપુત્રોએ કર્યું છે.

હવે, આ તાજેતરના વરસાદ પછી દિવેલા, કઠોળ, ગુવાર, જુવાર, બાજરી તથા ઘાસચારાના પાકોનું નવું વાવેતર હાથ ધરાશે.

ગુજરાતમાં સરેરાશ વરસાદ ૮૩૧ મી.મી. સામે ૧૯ ઓગસ્ટ સુધીમાં ૬૨.૯૭ ટકા એટલે કે ૫૨૩.૨૯ મી.મી. વરસાદ વરસ્યો છે તેમ પણ તેમણે ઉમેર્યું છે. કૃષિ નિયામકે રાજ્યવ્યાપી પાક વાવેતરની વિગતો આપતાં કહ્યું કે, મુખ્ય પાક કપાસનું સામાન્ય વાવેતર કરતાં ૧૦૨.૭૬ ટકા જેટલું એટલે કે, ૨૬.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

રાજ્યના ખેડૂતોએ કુલ ધાન્ય પાકોનું ૧૨.૪૧ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરેલું છે જે સામાન્ય વાવેતરના ૯૨.૫૦ ટકા જેટલું થવા જાય છે. મગફળીનું વાવેતર સામાન્ય વાવેતરના ૯૬.૮૭ ટકા એટલે કે ૧૪.૬૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. એ જ પ્રમાણે કુલ કઠોળ પાક ૪.૦૫ લાખ હેક્ટરમાં ખેડૂતોએ લીધા છે જે સામાન્યના ૭૦.૬૧ ટકા થવા જાય છે.

કૃષિ નિયામકે સ્પષ્ટપણે જણાવ્યું કે, તાજેતરમાં પડેલા વરસાદને કારણે રાજ્યના તમામ ખેતી પાકોને કટોકટીના અણીના સમયે પાણી મળતાં પાક જીવતદાનને કારણે સારા ઉત્પાદનની શકયતાઓ તથા નવું વાવેતર થવાની સંભાવનાઓ વધુ ઉજળી બની છે.

રાજ્યના જે તાલુકાઓમાં ઓછો વરસાદ થયો હતો તે વિસ્તારોમાં મોટા ભાગના તાલુકાઓમાં પણ આ તાજેતરના વ્યાપક વરસાદને પગલે કપાસ, મગફળી, બાજરી, મકાઈ, કઠોળ અને ઘાસચારા વગેરે ઉભા પાકોને જીવતદાન મળ્યું છે. એટલું જ નહિ, આ તાલુકાઓમાં પણ નવા પાકોના વાવેતરની શક્યતાઓ વધી ગઈ છે. તેમણે ઉમેર્યું કે, તાજેતરના વરસાદથી દિવેલાનું હાલનું વાવેતર ૧.૫૦ લાખ હેક્ટરથી વધીને ૬.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં વધી શકે છે. જ્યારે કે ઘાસચારાનું હાલનું જે વાવેતર ૮.૧૧ લાખ હેક્ટર છે તે પણ વધીને ૧૦.૯૩ લાખ હેક્ટર વિસ્તારમાં થશે.



**સિમેન્ટ કોન્ક્રીટના જંગલો વચ્ચે છોડનુ અસ્તિત્વ ટકાવવા સમાધાન**

વિકાસના નામે આડેધડ વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવતા જંગલો અને વૃક્ષો નામશેષ થઈ રહ્યા છે. વૃક્ષોનું સ્થાન સિમેન્ટ અને કોન્ક્રીટની ઈમારતોએ લેતા સમગ્ર દુનિયા અને દેશ ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આજે વર્લ્ડ ફોટોગ્રાફી ડે ના દિવસે સિમેન્ટ અને કોન્ક્રીટના જંગલોમાં છોડ તેની પ્રજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા મથામણ કરી ઉગી નીકળેલું જોવા મળતા કેમેરામાં કંડારી લીધું હતું. આધુનિક યુગમાં માનવી સામાન્ય સમસ્યામાં આત્મહત્યા કરવા સુધી પહોંચતો હોય છે જયારે બીજીબાજુ આ છોડ વિકટ અને કપરી પરિસ્થિતિમાં અસામાન્ય કહી શકાય તેવા સ્ત્રોતમાં પણ હાર માન્યા વગર ઉગી નીકળવા મથામણ કરતો નજરે પડી રહ્યો છે.

# ખેડબ્રહ્માના પરબ અને હવાડા ટ્રસ્ટના પ્રમુખની કરાઈ વરણી

શ્રી વડાલી સત્તાવીસ સુથાર સમાજ પ્રેરિત પરબ અને હવાડા ટ્રસ્ટ, ખેડબ્રહ્માના ટ્રસ્ટીઓની મિટિંગ ટ્રસ્ટના ઉપપ્રમુખ દયાશંકર છગનલાલ સુથારના અધ્યક્ષસ્થાને મળી હતી.



જેમાં ટ્રસ્ટના પ્રમુખ તરીકે મણિલાલ અંબાલાલ સુથાર (હિંમતનગર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ જગ્યા ગંગારામ માધવરામ મિસ્ત્રીના અવસાનના કારણે ખાલી પડી હતી. તે જગ્યાએ મણિલાલની પ્રમુખ તરીકે વરણી થતા સભાના અધ્યક્ષ દયાશંકર સુથાર, ટ્રસ્ટી શંકરલાલ સુથાર તથા અન્ય ટ્રસ્ટીઓ વડાલી સત્તાવીસ સુથાર સમાજના પ્રમુખ પરસોત્તમભાઈ નાથાલાલ સુથાર, ઉપપ્રમુખ કાંતિલાલ સુથાર તથા મંત્રી એ.બી. સુથાર સહિત સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## આંશિક સુધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ ૫૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરી ત્યારે કેરળના મુખ્યમંત્રી પી.વિજયને ૨૦૦૦ કરોડ રૂપિયાના નુકસાનની વાત કરી હતી. ૫૦૦ કરોડ પહેલા ૧૦૦ કરોડની સહાયતા ગૃહ મંત્રી રાજનાથસિંહ દ્વારા કરવામાં આવી ચુકી છે. આની સાથે જ કેન્દ્ર તરફથી હજુ સુધી ૬૦૦ કરોડ રૂપિયાની સહાયતા આપવામાં આવી ચુકી છે.

## ચંદ્રક અપાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીત્યો છે. ફાઈનલમાં આ ભારતીય જોડીઓ ૪૨૯.૯નો સ્કોર બનાવ્યો. આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ ચીની તાઈપેની જોડીએ ૪૯૪.૧ પોઈન્ટ મેળવીને પ્રાપ્ત કર્યો છે. એલિમેશને પહોંચેલા ઈન્ડોનેશિયાએ શાનદાર રમત દાખવતાં ૪૯૫.૫ પોઈન્ટ મેળવી સિલ્વર મેડલ પર કબ્જો જમાવ્યો હતો.

## ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પથ્થરની પાકી છતવાળા મકાનોમાં નહીં પણ ધાતુના પતરા કે સિમેન્ટની શીટની બનેલી છત નીચે જીવન ગુજારે છે. બીજી તરફ આંકડાઓ એમ પણ દર્શાવે છે કે ગાંધીનગરના ૫૦ ટકાથી વધુ પરિવારો કોન્ક્રીટ-ઈંટ-પથ્થરની છતવાળા મકાનોમાં રહે છે. પ્રખર સમાજવિજ્ઞાની કાર્લ માર્ક્સની 'Have અને Have not' સંકલ્પના ગાંધીનગરના પરિવારોના મકાનોની પ્લાસ્ટીક-પોલિથીન કે ધાતુના પતરાંથી ઢંકાયેલી છતમાં તો જોવા મળે છે. આશા રાખીએ કે આ ગરીબ ગાંધીનગરાઓ માટે તંત્ર દ્વારા કશુંક વધુ નક્કર થાય.

**(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)**

## દર્દીપ્રિય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેવા-સારવાર ચાલુ રાખી હતી. કડક સ્વભાવ માટે જાણિતા ડૉ. અરૂણ વ્યાસા ખૂબ જ લોકપ્રિય હતા. તેમના દર્દીઓએ પણ આજે નોંધારા થઈ ગયાની લાગણી અનુભવી હતી.

ડૉ. અરૂણભાઈ વ્યાસાના નિધનના સમાચારો મળતાં ગાંધીનગરના આગેવાન નાગરિકો, વેપારીઓ, વિવિધ સંસ્થાઓના આગેવાનો, રાજકીય નેતાઓ મોટી સંખ્યામાં તેમના નિવાસસ્થાને ભેગા થયા હતા. સવારે ૧૦.૩૦ વાગ્યે સ્વર્ગસ્થ ડૉ. વ્યાસાની અંતિમયાત્રા તેમના સેક્ટર-૨૨ ખાતેના નિવાસસ્થાનેથી નિકળી હતી. હજ્જારો લોકો તેમની અંતિમયાત્રામાં જોડાયા હતા.

ડૉ. અરૂણભાઈ વ્યાસા પોતાની પાછળ પત્ની સરોજબેન વ્યાસા અને પુત્રો ડૉ. પરેશભાઈ વ્યાસા અને પલકભાઈ વ્યાસા તથા પુત્રી તન્વીબેન તથા અસંખ્ય ચાહકોને વિલાપ કરતા છોડી ગયા છે. સ્વ. ડૉ. અરૂણભાઈ વ્યાસાનું બેસણું તા. ૨૩મી ઓગષ્ટને ગુરૂવારે સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન ઉમિયા માતાજી મંદિરના હોલમાં, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## સંજોગો ટળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનોએ લાંબા સમય સુધી વરસાદની વાટે રહેવાનો વારો આવ્યો હતો. જો કે અગાઉ હળવા ભારે ઝાપટા સાથે સિઝનનો ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની જેમ ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસે તે તરફ ખેડુતો અને આમ નાગરિકોની મીટ મંડરાઇ હતી. જયારે બે દિવસ અગાઉ અચાનક સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે નગરમાં ૪ ઈંચ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે નવી અપર એર સરકયુલેશન સિસ્મટમ ડેવલપ થતા અતિ ભારે વરસાદ આવશે તેવી વકી પણ સેવાઈ રહી હતી. પરંતુ હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આ સિસ્ટમ કચ્છ તરફ વળી જતા ભારે વરસાદ સંજોગો ટળ્યા છે. જો કે ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે. ગાંધીનગરમાં સિઝનનો ૨૫૫ મી મી વરસાદ વરસ્યો છે. જયારે આજે પણ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વરસાદી છાંટણા વરસ્યા હતા. માત્ર ૫ મી મી વરસાદ નોંધાયો હતો.

## છેલ્લા ક્રમે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટે અભિયાનનું આયોજન કરવાની કડક તાકીદ ગઈકાલની બેઠકમાં કરાઈ હતી. આ બેઠકમાં જરૂર પડ્યે આવી શાળાના આચાર્યોની બેઠક પણ કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજવા માટે જણાવાયુ છે.

જિલ્લાના ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ તાલુકામાં આ નબળો દેખાવ જોઈ વહીવટીતંત્ર ચોંકી ઉઠ્યુ છે. આયોજનમાં શું ત્રુટી રહી ગઈ છે તેના વિશે પણ આ બેઠકમાં ચર્ચા થઈ હોવાનું જાણવા મળેલ છે.

૯૮ ટકા સાક્ષર જિલ્લામાં તંત્રને આટલી મોટી નિષ્ફળતા એ તંત્રવાહકોને વિચારતા કરી મુક્યા છે. એવુ પણ જાણવા મળેલ છે કે કેટલીક સ્કૂલોમાં અભિયાનના દિવસે રજા જાહેર કરી દેવાય છે તો બાળકોને શાળાએ લઈ આવવા માટેની ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પણ સસ્પેન્ડ કરી દેવામાં આવતી હોવાની વાતો બહાર આવી રહી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં પણ અમલીકરણમાં જે ઉદાસીનતા જોવા મળી રહી છે તે ચિંતાનો વિષય બનેલ છે અને સમગ્ર રાજ્યમાં તે છેલ્લા ક્રમે હોવાથી તંત્રની હાલત ક્ષોભીલી બની જનવા પામી છે.

રસીકરણ અભિયાનમાં દીવા તળે જ અંધારાની સ્થિતિથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં સારૂ અણલીકરણ થઈ રહ્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પણ આવી જ અલાયદી ટાસ્ટફોર્સની બેઠક બોલાવવામાં આવશે અને તેમાં ચિંતન થશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં રસીકરણ અભિયાનમાં નિષ્ફળતા પાછળ વારંવાર આરોગ્યના તમામ સંવર્ગમાં કરાતી બદલીઓ પણ કારણભૂત હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. આ ઉપરાંત તંત્ર દ્વારા જિલ્લામાં અન્ય સરકારી કાર્યક્રમોમાં સક્રિય ભૂમિકા સોંપવામાં આવતી હોવાથી તેની અસરો પણ આ અભિયાન પર પડી રહી હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યુ છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

એડીઆરના વિશ્લેષણના આધારે લોકસભાના ૫૩૪ માંથી ૩૪ ટકા યાની ૪૪ સાંસદ એવા છે કે જે અપરાધીક વ્યક્તિત્વ ધરાવે છે.

લોકસભાના ૮૪ ટકા રાજયસભાના ૮૨ ટકા અને બીજી વિધાનસભાઓમાંથી ૬૯ ટકા નેતા કરોડપતિ છે. રાજસ્થનના ૭૧ ટકા યાને ૧૪૨ નેતા કરોડપતિ છે દેશની ગોવા વિધાનસભાના બધા જ નેતા કરોડપતિ છે. ત્યારબાદ કર્ણાટકનો નંબર આવે છે મહારાષ્ટ્રમાં ૮૮ ટકાની સંપત્તિ એક કરોડ કરતા વધારે છે ગુજરાતમાં પણ આ આંકડો નાનો નથી જાગો મતદારો જગો..... ફિર ભી મેરા ભારત મહાન (ઉકત તમામ આંકડા કીય માહિતી એડીઆરના સૈજન્યથી)

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

ત્યારે એકવાર અટલજીને ઘેર બેઠા હતા. એમની કોઈએ કરેલી ટીકાથી વ્યથિત હતા.અટલજી ઘરના અંદરના ખંડમાં ગયા અને એક દળદાર ફાઈલ લઈને બહાર આવ્યા.એ ફાઈલ માધવસિંહભાઈના હાથમાં મૂકીને કહે કે ''નિરાંતે ઘેર જઈને વાંચી મને પરત કરશો. મારા જ પક્ષના લોકોએ મારી વિરુદ્ધમાં લખેલા પત્રોની આ ફાઈલ છે.આવા લોકોથી દુઃખી થઈએ તો જીવવું દુષ્કર બની જાય.''

સ્વજનોએ દીધેલા ડંખની વેદના અટલજીની કવિતામાં ડોકાયા કરે છે. રાજકારણના ખેલ ભણી એમની દ્રષ્ટિ એમાં ઝળકે છે. એ લખે છે કે કવિતા અને રાજનીતિ સાથેસાથે ચાલી ના શકે.રોજેરોજ શ્રોતાઓને પ્રભાવિત કરી શકે તેવાં ભાષણ કરવાનાં હોય, ત્યાં કવિતાની એકાંતસાધના માટે સમય અને વાતાવરણ મળે જ ક્યાંથી? મારામાંના કવિ પ્રત્યે વફાદાર રહેવા માટે મારે ઘણી મોટી કિંમત ચૂકવવી પડી છે.છતાં કવિ અને રાજકીય કાર્યકર્તા વચ્ચે મેળ બેસાડવા માટે હું સદાય પ્રયત્નશીલ રહ્યો છે.ક્યારેકતો ઈચ્છા થઈ આવે છે કે બધું છોડીને ક્યાંક એકાંતમાં વાંચવા,લખવા અને ચિંતન કરવા માટે પોતાને ખોઈ નાંખું.પણ આવું થતું નથી. રાજકારણના લપસણા રસ્તાઓ પર મિત્ર અને દુશ્મન, કૌરવ અને પાંડવ એ બધાની અનુભૂતિ કરનાર વાજપેયી એક બાબતમાં નક્કર છે : ''ટૂટ સકતે હૈં મગર હમ ઝુક નહીં સકતે. સત્ય કા સંઘર્ષ સત્તા સે, ન્યાય લડતા નિરંકુશતા સે, અંધેરે ને દી ચુનૌતી હૈ, કિરણ અન્તિમ અસ્ત હોતી હૈ...દાંવ પર સબ કુછ લગા હૈ,રુક નહીં સકતે. ટૂટ સકતે હૈં મગર હમ ઝુક નહીં સકતે.'' એમની કવિતા એટલે રાષ્ટ્રવાદ અને દેશભક્તિથી છલોછલ કવિતા.પ્રશ્ન કાશ્મીરનો હોય કે પાકિસ્તાન સાથેના યુદ્ધનો. કવિ કૈદીરાય મડદાંને પણ બેઠાં કરી દે એવી કવિતા રચે છે.જોકે એમની કવિતામાં શબ્દછળને બદલે સામાન્ય જન માટેની વેદનાની અનુભૂતિ સતત થયા કરે છે.

આયખું આખું દેશને સમર્પિત કરીને ગયેલા અટલજી ''અપનોં કે મેલે મેં મિત નહીં પાતા હૂં''ની વેદના સાથે સતત જીવ્યા. હલાહલ પણ હસતે મોંઢે પીને મસ્તરામ તરીકે જીવ્યા.એ પોતીકાઓમાં ભલે દોસ્તો ના મેળવી શક્યા,પણ જીવ્યા ત્યાં લગી અને મૃત્યુને ભેટ્યા ત્યાર પછી પણ દુનિયા આખી એમની મિત્ર હોવાની અનુભૂતિ થતી રહી.

haridesai@gmail.com

## આરોપી ઝડપાયો...

● ત્રીજા પાનાનું ચાલુ

વિસ્તારમાં આવી હતી. અડાલજ પીઆઇ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમ અમરેલી એસઓજીની ટીમ પહોંચી ગઈ હતી અને અડાલજ પોલીસ મથક વિસ્તારમાં ફરતા આરોપીને દબોચી લઈ અમરેલી પોલીસને સોંપી દીધો છે. તો બીજી તરફ ગઈ કાલે કોમ્બિંગ નાઈટ દરમિયાન ગાંધીનગર એલસીબી ની ટીમે દહેગામ પોલીસ મથકના રાઉટીંગ તેમજ હત્યાની કોશિશના ગુનામાં નાસતા ફરતા એક આરોપીને પકડી પાડયો હતો. ત્રણ વર્ષથી આ ગુનામાં નાસતો-ફરતો આરોપી ભારત રામસિંહ ચૌહાણ(રહે.બારડોલી કાંઠી દહેગામ) ને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



અરવલ્લી જિલ્લામાં ટીંટોઈ નજીક વાંદિયોલ ગામે ગિરિમાળાઓની પ્રાકૃતિક સૌંદર્યથી ભર્યા ભર્યા માહોલમાં અતિપ્રાચીન વૈજનાથ મંદિરે પવિત્ર શ્રાવણ માસે ભગવાન ભોળાનાથના દર્શનાર્થે ભાવિકો ઉમટી પડે છે અને જળ, દૂધ, બીલીપત્રો ચડાવી ધન્યતા અનુભવે છે. ટીંટોઈના ભાવિક ભક્ત મહેશભાઈ પંચાલે જણાવ્યું કે દર સોમવારે પણ અહીં શિવભક્તો મોટી સંખ્યામાં ઉમટે છે અને ઓમ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠે છે.

# સાબરકાંઠાના સાંસદનું તલોદ પ્રત્યે ઓરમાયુ વર્તન

તલોદ, તા. ૧૯
તલોદ અને પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય અને હાલ સાબરકાંઠા જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ ૨૦૧૪માં લોકસભામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સામે ભાજપ દ્વારા ઉમેદવાર મુકી દેતા તલોદ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર મુલાકાતો અને વચનો આપી લોકોના વિશ્વાસ જીતી લઈ સારી લીડથી જિલ્લામાં વિજયી થયા હતા જે પરિણામ સમગ્ર ગુજરાત અને દેશભરમાં તલોદ તાલુકાની સરસાઈથી અને ખોબે ખોબા મતોથી તલોદ તાલુકાની પ્રજા પ્રશંસનીય બની હતી.

આમ તલોદ તાલુકાની પ્રજાને સાંસદ બન્યા પછી દીપસિંહ રાઠોડ પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં કોઈજ કાર્યક્રમ કે પ્રજાની મુલાકાતો અથવા સાંસદીય ગ્રાન્ટોમાંથી એક પણ વિકાસલક્ષી કામોથી વંચિત રહ્યા છે. અસંખ્ય રજુઆતો તલોદની પ્રજાએ વિકાસ કામો ન થતાં હોવા અંગે કરી છે. આ અંગે પ્રધાનમંત્રીએ સાબરકાંઠાના સતત વંચિત વિકાસ કામોથી લોકોની નારાજગી અંગે યોગ્ય ઘટતુ કરવા જાણવા મળેલ છે. આગામી ૨૦૧૯માં જિલ્લામાં ભાજપ દ્વારા નવા ચહેરો મુકાય તેવી શક્યતાઓ પણ લાગી રહી છે.

ચૂંટાયેલા સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડની પ્રથમ પ્રાથમિકતા બંધ પડેલો એસ.ટી. ડેપો ફરીથી કાર્યરત કરવાની હતી. વર્ષોથી નાણાકિય ક્ષેત્રે તેમજ વેપારી નગરી તરીકે અગ્રેસર રહેલુ તલોદમાં કાર્યરત ટ્રેઝરી જેનું કામકાજ ટ્રેઝરીના દફતર તપાસથી જાણી શકાય તેમ છે. છતાં પોતાના માદરેવતન પ્રાંતિજ તરફ લઈ જવામાં આવ્યું તે અંગે પણ સાંસદ દ્વારા તલોદમાં ટ્રેઝરી થાય તેવા કોઈ કાર્ય કરાયા નહી જેથી સિનીયરો મોટી મુશ્કેલીમાં મુકાયા છે. વધુમા તલોદમાં જર્જરિત થયેલા માર્ગો અને તેના થકી ટ્રાફિક સમસ્યાઓ અંગે પણ ગંભીર દુર્લક્ષ સાંસદ દ્વારા સેવાઈ રહ્યું છે. તે ઉપરાંત ખેડૂતો, વેપારીવર્ગ અને નોકરિયાતો માટે કોઈજ વિકાશલક્ષી કામો ન થતા પ્રજામાં ભારોભાર આક્રોશ જોવા મળી રહ્યો છે. જે કદાચ આગામી લોકસભાની ચૂંટણીમાં તેના પડઘા સંભળાય તેવી શક્યતા પણ લાગી રહી છે.

# હાર્દિક પટેલ અને સમર્થકોની અટકાયત : પાટીદારો નારાજ

અમદાવાદ, તા.૧૯
આગામી તા.૨૫મી ઓગસ્ટના રોજ આમરણાંત ઉપવાસ માટેની તંત્ર દ્વારા મંજૂરી નહી મળતાં પાટીદાર યુવા નેતા અને પાસ કન્વીનર હાર્દિક પટેલ દ્વારા પોલીસની અધિકૃત મંજૂરી વિના જ આજે શહેરના નિકોલ વિસ્તારમાં પ્રતિક ઉપવાસનું આયોજન કરાયું હતું પરંતુ પ્રતિક ઉપવાસ પહેલાં જ પોલીસે નિકોલ જવા નીકળેલા હાર્દિક પટેલ અને તેના સંખ્યાબંધ સમર્થકોની અટકાયત કરી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. એટલું જ નહી, પોલીસ સાથે ઘર્ષણ અને શાબ્દિક ટપાટપી બાદ ક્રાઈમબ્રાંચે હાર્દિક પટેલ સહિત કુલ નવ જણાં સામે પોલીસની ફરજમાં રૂકાવટ અને પોલીસ સાથે ગેરવર્તણૂંકનો ગુનો દાખલ કર્યો હતો. જેને પગલે સમગ્ર પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. ક્રાઈમબ્રાંચ દ્વારા જે પાટીદાર આગેવાનો સામે ગુનો દાખલ કરાયો છે , તેમાં પાસના કન્વીનર હાર્દિક પટેલ, મનોજ પાનારા, અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવીયા, કેતન દેસાઈ, રવિ કાવર, કિશન ચોડવડિયા, નિવ પટેલ અને જતીન સિરોયાનો સમાવેશ થાય છે. આ તમામ આગેવાનો સહિત ૪૦ પાટીદાર યુવકોની અટકાયત બાદ પાટીદાર સમાજના યુવકો અને લોકો ખૂબ મોટી સંખ્યામાં ક્રાઈમબ્રાંચની બહાર એકત્ર થઈ ગયા હતા અને વાતાવરણ તંગ બની ગયુ હતું. પોલીસની ભૂમિકાથી નારાજ પાટીદાર સમાજના લોકોએ હાર્દિકના સમર્થનમાં અને પોલીસ વિરોધી સૂત્રોચ્ચાર પોકારી વાતાવરણ ગજવી મૂકયું હતું.

### અટકાયત બાદ હાર્દિકને જામીન પર મુક્ત કરાયો

એક દિવસના પ્રતિક ઉપવાસ કરે તે પહેલા જ હાર્દિક પટેલની અટકાયત કરી દેવામાં આવી હતી. જો કે, મોડેથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ હાર્દિક પટેલ સહિત નવ લોકોને જામીન પર મુક્ત કરી દેવામાં આવ્યા હતા. પોલીસ પર હાર્દિક પટેલ દ્વારા ગંભીર પ્રકારના આક્ષેપ કરવામાં આવ્યા છે. જો કે, મોડેથી બધાને મુક્ત કરાયા હતા.



ખેડબ્રહ્મા ખાતેની નવા મારવાડા પ્રાથમિક શાળામાં ભારતના ૭૨મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે ગાંધીનગરના કપિલાબેન નરેન્દ્રકુમાર રાવલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા જયશ્રીબેન મિસ્ત્રી તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં તમામ વિદ્યાર્થીઓને નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ રાવલ તરફથી સેન્ડલ-છત્રીઓ તથા ચોકલેટ્સ-બિસ્કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ તેમજ આગામી શિયાળામાં વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર આપવાનુ પણ વચન આપ્યું હતું.

## જાહેર નોટીસ

આથી તમો નીચે જણાવેલ બાકીદારોને મુંબઈ મોટર વ્હિકલ ટેક્ષ એક્ટ-૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ નોટીસ આપવામાં આવે છે કે, તમારું વાહન ઉક્ત કાયદાની કલમ ૧૨બી હેઠળ ડીટેઈન કરેલ છે. અને વાહન કર, દંડ, પેનલ્ટી વિગેરેની બાકી લ્હેણી રકમ કોલમ-૫ મુજબની ભરપાઈ કરવા એકથી વધુ વખત નોટીસ આપવા છતાં લ્હેણી રકમ ભરવા આપ દ્વારા દરકાર કરેલ નથી. સબબ કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર તા. ૮/૯/૨૦૧૮ સુધીમાં લ્હેણી રકમ ભરવા આખરી તક આપવામાં આવે છે. આ તારીખ પછી આવા કોઈ અરજદારોનો હક્કદાવો રહેશે નહીં. અને તેમ કરવામાં કસુર થશે તો વાહન રાજ્યસાત કરી વાહનની હરાજી-વેચાણ કરી બાકી લ્હેણી રકમ વસુલવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.

| ક્રમ | વાહન નંબર | માલીકનું નામ | સરનામું | કુલ લ્હેણી રકમ |
|---|---|---|---|---|
| ૧ | GJ-02-T-3611 | ઠાકોર લાલજી શકરાજી | ગામ:પીયજ, તા. કલોલ જી. ગાંધીનગર | ૧૫,૩૭,૦૧૧ |
| ૨ | GJ 18 X 2226 | મહેન્દ્રભાઈ લવજીભાઈ ચૌધરી | પ્લોટ નં. ૩૭૯/૨, સેક્ટર-૨૮ ગાંધીનગર | ૨૦,૧૫,૭૦૨ |
| ૩ | GJ 01 AZ 9955 | દેસાઈ દુષ્યંત ડાહ્યાભાઈ | એ/૧૮ ગણેશપુરી સોસાયટી, જાડેશ્વર રોડ, ભરૂચ, જી. ભરૂચ | ૨૨,૫૧,૭૯૩ |
| ૪ | MH 19 Y 5352 | શ્યામસુંદર મીઠાલાલ શર્મા | પરિવાર ટ્રાવેલ્સ હલીમની ખડકીના નાકા ઉપર, દિલ્હી દરવાજા, અમદાવાદ | ૧૧,૪૮,૭૦૨ |
| ૫ | GJ 03 W 9855 | ભૂપતભાઈ હર્ષાભાઈ પાટગીર | વિશ્વકુંજ સોસા. પાછળ રતનપુર, સુરેન્દ્રનગર | ૬,૦૩,૯૬૦ |
| ૬ | GJ 01 AT 5133 | સંજયભાઈ ભોગીલાલ સોલંકી | શાંતીપુરા, તા. સાણંદ, અમદાવાદ | ૧,૨૯,૨૪૦ |
| ૭ | GJ 24 U 9472 | દેસાઈ ધરમસિંહભાઈ શાકુભાઈ | C/૧૪, ઉપવન બંગ્લોઝ, પાટણ | ૧૩,૧૨,૫૦૦ |

સહી/-
સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
ગાંધીનગર

માહિતી/૧૩૦૯/૧૮-૧૯